# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-11-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આકાશવાણી પરથી પ્રસારિત થયેલા મન કી બાત કાર્યક્રમમાં સોમનાથ પાસે આવેલા દીવમાં 'આઇએનએસ ખુખરી'ને સમર્પિત ખુખરી સ્મારક અને સંગ્રહાલય અંગે વાત કરી હતી.

આ સંગ્રહાલયમાં આપણા દેશના સમુદ્રી અને ભારતીય નૌ સેનાના ક્રમિક વિકાસને જોઈ શકાય છે. શ્રી મોદીએ વિશેષ રીતે સૈન્ય ઇતિહાસમાં રુચિ રાખનારા લોકોને આ સંગ્રહાલય જોવાનો આગ્રહ કર્યો હતો.

(બાઈટ -PM- આઇએનએસ ખુખરી)

શ્રી મોદીએ ભારતે ૩૫૭ મીલીયન ટનના ખાદ્યાન્ન ઉત્પાદન સાથે એક ઐતિહાસિક વિક્રમ સર્જ્યો હોવાનું કહ્યું હતું. મધનું ઉત્પાદન છેલ્લા 11 વર્ષમાં બમણું થયું હોવાનું તેમણે કહ્યું હતું. રમતની દુનિયામાં પણ ભારતે વિજયપતાકા લહેરાવી છે.

કેટલાક દિવસ પહેલાં જ ભારતને રાષ્ટ્રસમૂહ રમતોની યજમાનીની પણ ઘોષણા થઈ આ ઉપલબ્ધિઓ દેશવાસીઓની છે તેમ જણાવતા તેમણે 'મન કી બાત' દેશના લોકોની આવી ઉપલબ્ધિઓને, લોકોના સામૂહિક પ્રયાસોને જન સામાન્યની સામે લાવવાનો, એક સારો મંચ હોવાનું કહ્યું હતું.

ઇસરોની ડ્રૉન સ્પર્ધાના વિડિયોમાં આપણા દેશના યુવાનો અને વિશેષ રૂપે, આપણા Gen-Z મંગળ ગ્રહ જેવી પરિસ્થિતિઓમાં ડ્રૉન ઉડાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા તેનો તેમણે ઉલ્લેખ કર્યો હતો.

---

## SIR-કામગીરી સમય મર્યાદામાં વધારો:

ચૂંટણી પંચ દ્વારા ગુજરાત સહિત 12 રાજ્યોમાં એસઆઇઆરની કામગીરીની સમય મર્યાદા વધારીને હવે 11 ડિસેમ્બર સુધી કરી દેવામાં આવી છે. નાગરિકોની સુવિધાને ધ્યાનમાં રાખીને, પંચે સુધારાની પ્રવૃત્તિઓ માટેની સમયમર્યાદામાં એક સપ્તાહનો વધારો કર્યો છે.પંચ દ્વારા જાહેર કરાયેલા સમયપુત્ર મુજબ હવે ડ્રાફ્ટ મતદાર યાદી 16 ડિસેમ્બરના પ્રસિધ્ધ કરાશે.

15 જાન્યુઆરી 2026 સુધી દાવાઓ અને વાંધાઓ રજૂ કરી શકાશે અને તેની સુનાવણી અને નિકાલની પ્રક્રિયા 7 ફેબ્રુઆરી સુધી પૂર્ણ કરી દેવા જણાવાયું છે. 14 ફેબ્રુઆરી 2026ના અંતિમ મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## દત્ત જયંતી ઉત્સવ:

કાળા ડુંગર પર આવેલા ભગવાન દત્તાત્રેયની દત્તજયંતીનો ઉત્સવ બે ડિસેમ્બરથી 4 ડિસેમ્બર સુધી ભક્તિ ભાવપૂર્વક ઊજવાશે. ઉત્સવનો આરંભ ભુજથી કાળા ડુંગર સુધીની પદયાત્રાથી કરાશે. દત્તજયંતી રજત ઉત્સવના આયોજકોના જણાવ્યા અનુસાર તા. 2 ડિસેમ્બરના ભુજથી સવારના પદયાત્રાનો આરંભ થશે અને 3 ડિસેમ્બરના દત્ત મંદિર પહોંચશે.

તા. 3 ડિસેમ્બરના રાત્રે 10 વાગ્યે કાળા ડુંગર ખાતે સંતવાણી તથા આરાધીવાણીનો કાર્યક્રમ યોજાશે. ઉજવણીના અંતિમ દિવસે હોમ હવન, મહાપ્રસધાન, દત્ત જન્મોત્સવ, મહાઆરતી અને સાંજે 1 હજાર 111 બહેનના મહારાસનું આયોજન કરાયું છે.

---------------------------------------------------------------------------------

## માંડવી નગર પાલિકા કારોબારી સમિતિ બેઠક:

તાજેતરમાં માંડવી નગરપાલિકાના કારોબારી સમિતિની બેઠક મળી હતી, જેમાં વિવિધ વોર્ડમાં પાથમિક સુવિધાઓ જેવી કે, રોડ લાઈટ, પાકા રસ્તાઓ અને અન્ય વિકાસના કામોને બહાલી આપવામાં આવી હતી.

સ્વચ્છ ભારત ભારત મિશન અંતર્ગત ડમ્પિંગ સ્ટેશન પર પ્રોસેસિંગ પ્લાન્ટ માટે સિવિલ વર્કની કામગીરી માટે ઓફિસ રૂમ, સૂકા અને ભીના કચરાના પ્રોસેસિંગ માટે શેડ અને લેગેસી વેસ્ટના નિકાલ માટેના કામને પણ બહાલી અપાઈ હતી.

---------------------------------------------------------------------------------------------------

<u>હવામાન:</u>

જીલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યો છે, તેમ છતાં ઠંડીનો અનુભવ યથાવત છે. આજે નલિયામાં લઘુતમ તાપમાન 17.6 ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો, જ્યારે ભુજમાં લઘુતમ તાપમાન 17.4 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

શિયાળાની ઋતુમાં પણ ભુજ સહિતના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડૂતોમાં કમોસમી વરસાદની ભીતિને કારણે ચિંતા વ્યાપી છે.

---------------------------------------------------------------------------------------------------

<u>ક્રિકેટ:</u>

ભારતે એક દિવસીય  સિરીઝની પહેલી મેચમાં સાઉથ આફ્રિકાને 350 રનનો લક્ષ્યાંક આપ્યો છે. રાંચી ખાતે  રમાઈ રહેલી મેચમાં સાઉથ આફ્રિકાના કેપ્ટને ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. પહેલા બેટિંગ કરી રહેલી ભારતીય ટીમ વતી વિરાટ કોહલીએ 120 બોલમાં 135 રન બનાવ્યા હતા.છેલ્લી મળેલી માહિતી પ્રમાણે સાઉથ આફ્રિકાએ 4.5 ઓવરમાં 3 વિકેટના ભોગે 11 રન કર્યા છે.

---------------------------------------------------------------------------------------------------